સ્ત્રી, (પ્રેમિકા), આહાર, પુણ્ય, ધન, ગુણ, દુરાચાર, મર્મ અને મંત્ર આટલી બાબતો જે ગુપ્ત રાખી શકે તે બુદ્ધિમાન છે
- સુભાષિત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૧૨ | ૨૨ જાન્યુઆરી, ૨૦૧૩, મંગળવાર; પોષ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગર તાલુકા પંચાયતની ૧૭મીએ ચૂંટણી

## તાલુકા પંચાયતની ૩૧ બેઠકો માટે ૨૮મીએ જાહેરનામુ : ૧૭મી ફેબ્રુઆરીએ મતદાન અને ૧૯મીએ મતગણતરી : ૨૬૩ મતદાન મથકો પર ૧૮૪૧ પોલીંગ સ્ટાફ ફરજ બજાવશે : ૫૨૬ પોલીસ કર્મચારીઓ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંભાળશે

**ચૂંટણીનો કાર્યક્રમ**

| ચૂંટણીના તબક્કાની વિગત | તારીખ |
|---|---|
| ચૂંટણીની નોટિસ/જાહેરનામું પ્રસિદ્ધ કરવાની તારીખ | ૨૮-૦૧-૨૦૧૩ |
| ચૂંટણી અધિકારીએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૨૮-૦૧-૨૦૧૩ |
| ઉમેદવારી પત્રો સ્વીકારવાનીછેલ્લી તારીખ | ૦૨-૦૨-૨૦૧૩ |
| ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ | ૦૪-૦૨-૨૦૧૩ |
| ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૦૫-૦૨-૨૦૧૩ |
| મતદાનની તારીખ તથા સમય (રવિવાર) સવારના ૮ થી સાંજના ૫ કલાક | ૧૭-૦૨-૨૦૧૩ |
| જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૧૮-૦૨-૨૦૧૩ |
| મત ગણતરીની તારીખ | ૧૯-૦૨-૨૦૧૩ |

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી આગામી ૧૭મી ફેબ્રુઆરીના રોજ યોજાશે. આ ચૂંટણી માટેનું જાહેરનામુ ૨૮મી જાન્યુઆરીના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે.

ગાંધીનગર તાલુકા પંચાયત સહિત ૧૩ તાલુકા પંચાયતો અને બે જિલ્લા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજવા અંગેની જાહેરાત રાજ્ય ચૂંટણી પંચે આજે કરી છે. રાજ્ય ચૂંટણી પંચના સચિવ શ્રી પ્રકાશ શાહે આજે આ કાર્યક્રમની ઘોષણા કરતાં જણાવ્યું હતું કે આદર્શ આચારસંહિતાનો આજથી જ અમલ શરૂ થશે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકો છે. જે પૈકી ૨૧ બેઠકોના રોટેશનમાં કરાયેલા ફેરફારને લઈ આ વખતની ચૂંટણી રાજકીય દાવપેચથી ભરપૂર બની રહેશે. બન્ને મુખ્ય પક્ષોએ આ ચૂંટણી માટેની કવાયતો આજે ચૂંટણીની જાહેરાતની સાથે જ તેજ કરી દીધી છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે ૨૬૩ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. આ ચૂંટણી માટે ૨ ચૂંટણી અધિકારી અને ૨ મદદનીશ ચૂંટણી અધિકારીઓની પંચ દ્વારા નિયુક્તી કરી દેવામાં આવી છે.

આ ચૂંટણીમાં ૧૮૪૧ કર્મચારીઓની પોલીંગ સ્ટાફ તરીકે નિમણુંકો કરવામાં આવશે જે અંગેની કાર્યવાહી આગામી એકાદ-બે દિવસમાં જ સંપન્ન કરી દેવામાં આવશે.

તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર ગાંધીનગર ચૂંટણી અધિકારી તરીકેની ફરજો બજાવશે. આ ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા માટે ૫૨૬ પોલીસ કર્મચારીઓને ફરજ સોંપવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર



'શ્રમ એવ જયતે....' શ્રમ એ જ અમારો અધિકાર અને અમે ઠંડી, ગરમી કે વરસાદમાં કામ ન કરીએ તો શું ખાવું તે પ્રશ્નનો જવાબ સમય જ આપી શકે... સતત પંદર દિવસથી તીવ્ર ઠંડીનું મોજુ ગાંધીનગરની આસપાસ ઘુમરાય છે. ૭ ડિગ્રી થી ૧૨ ડિગ્રીની વચ્ચે લઘુતમ તાપમાન રહે છે. ગાંધીનગરના પાદરમાંથી ગ્રામીણ મહિલાઓ ઘરકામ માટે ઠંડીમાં થથરતા-થથરતા કામના સ્થળે પહોંચે છે... શીતલહરને કારણે ઠંડીની તીવ્રતા વધારે અનુભવાય છે... જનજીવન ઉપર ઠંડીની ઘેરી અસર વર્તાય છે... આમ છતાં શ્રમિક વર્ગ ઠંડીનો સામનો કરીને પણ રોજીરોટી માટે ઘરની બહાર નીકળે છે... ઠંડા પવનના સુસવાટાથી બચવા આ ગ્રામીણ મહિલાઓ ગરમ ઓઢણા ઓઢીને કામની વાટે નીકળી છે...

## વાદળો ધુમ્મસના કારણે કાતિલ ઠંડી યથાવત

ગાંધીનગર, તા. ૨૧

લઘુત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડા સાથે સોમવારનો દિવસ ઠંડો રહ્યો હતો. રાત્રે અને વહેલી સવારે ઠંડા પવનો ફુંકાતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. લગુત્તમ તાપમાન ૯.૨ ડિગ્રી જેટલું નોંધાયું હતું.

ઠંડીમાં વધઘટ ચાલુ જ છે. ક્યારેક લઘુત્તમ તાપમાન નીચુ જાય છે તો ક્યારેક ઉંચકાય છે, પરંતુ ઠંડા પવાનોનું જોર ચાલુ રહેતા ઠંડીમાં રાહત મળતી નથી.વાદળો અને ધુમ્મસના પગલે લોકો ઠંડીમાં ઠુંઠવાયા હતા. સવારે અને સાંજે પવનોનું જોર વધતા વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહે છે. અવરજવર સાવ ઓછી થઈ જતા બજારો એકદમ સુમસામ બની જાય છે. રાત્રે આઠ-સાડા આઠે તો ગાંધીનગરાઓ ઘરમાં પુરાઈ જાય છે. હવામાન વિભાગે હજુ ઠંડી વધશે તેવી આગાહી કરી છે. આજે મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી જેટલુ રહેતા દિવસે પણ વસાહતીઓએ કાતિલ ઠંડીનો અનુભવ કર્યો હતો.

ઠંડી હવે ગઈ એવી માંડ રાહત મળે છે ત્યાં પુનઃ ઠંડીનો કહેર ચાલુ થઈ જાય છે. છેલ્લા દોઢ મહિનાથી સતત કાતિલ ઠંડીનો સામનો ગાંધીનગરવાસીઓ કરી રહ્યા છે. ઉત્તર ભારત અને કાશ્મીરના પહાડી વિસ્તારોમાં શનિવારથી શરૂ થયેલો હાડ થીજવી દેતી ઠંડીનો દોર હજુ ચાલુ છે. હિમપાત હજુ ચાલુ જ છે. ક્યાંક ક્યાંક વરસાદ પણ પડ્યો છે. ઉત્તર ભારતમાં પડી રહેલી કાતિલ ઠંડીની અસર સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત પર પડી છે.

## ગાંધીનગર જિલ્લાના ૮ વતનીઓ ૧૩મી વિધાનસભામાં સભ્ય તરીકે બેસશે

### આ વિધાનસભામાં પાંચ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ : આઠ જોડી એક સરખા નામ ધરાવતા સભ્યોની છે : બે કાર્યકારી અધ્યક્ષો નિમાયા : બે પિતા-પુત્ર ગૃહમાં સાથે પ્રવેશશે

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૨૧

રાજ્યની ૧૩મી વિધાનસભામાં ગાંધીનગર જિલ્લાના ૮ વતનીઓ પ્રતિનિધિ તરીકે ગૃહમાં સ્થાન શોભાવશે. જેમાં પાંચ પ્રતિનિધિ ગાંધીનગર તાલુકાના અને એક-એક પ્રતિનિધિ દહેગામ, માણસા અને કલોલ તાલુકાના છે.

આ ૮ પ્રતિનિધિઓ પૈકીઓ ૪ વિપક્ષમાં અને ૪ સત્તાધારી પક્ષના સભ્યો તરીકે પ્રતિનિધિત્વ કરશે.

આ પ્રતિનિધિઓમાંથી બે પ્રતિનિધિ સાબરકાંઠા જિલ્લામાંથી, એક પ્રતિનિધિ સુરેન્દ્રનગર જિલ્લામાંથી,



**તેરમી વિધાનસભાની ૧૩ વણકથી વાતો**

એક ખેડા જિલ્લામાંથી અને ૪ પ્રતિનિધિ ગાંધીનગર જિલ્લામાંથી ચૂંટાઈને આવ્યા છે. એક મહિલા પ્રતિનિધિ પણ છે. એક પ્રતિનિધિ સતત પાંચમી વાર રાજ્ય સરકારમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

૧૩મી વિધાનસભામાં જિલ્લાના જે વતનીઓ છે તેમાં મંત્રીશ્રી રમણભાઈ વોરા, શ્રી શંભુજી ઠાકોર, શ્રી અશોકભાઈ પટેલ અને શ્રી પૂનમભાઈ મકવાણા ભાજપમાં છે.

જ્યારે પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી અમીતભાઈ ચૌધરી અને શ્રીમતિ કામનીબેન રાઠોડ કોંગ્રેસ પક્ષમાં છે. ૧૩મી વિધાનસભાની ૧૩ વણકથી વાતો આજે વીણી છે. જે વિધાનસભાની તવારીખીમાં રોચક બની ઉભરી છે.

- આ વિધાનસભામાં ત્રણ મહેન્દ્ર નામ ધરાવતા, ત્રણ અમીત નામ ધરાવતા, ત્રણ મોહન નામ ધરાવતા, ૩ રાજેન્દ્ર નામ ધરાવતા, બે ભરત નામ ધરાવતા, બે રજનીભાઈ નામ ધરાવતા અને બ શંકર નામ ધરાવતા સભ્યો છે.
- આ વિધાનસભાએ પ્રથમ વિધાનસભા એવી બનશે કે જેમાં નિયમિત અધ્યક્ષની ચૂંટણી થાય તે પહેલાં બે કાર્યકારી અધ્યક્ષો નિમાયા. (૧) શ્રી વજુભાઈ વાળા (૨) ડૉ. નીમાબેન આચાર્ય.
- રાજ્ય વિધાનસભાની તવારીખીમાં પ્રથમ મહિલા સભ્ય પ્રોટોમ સ્પીકર તરીકે નિમાયા છે અને તે વિધાનસભાના સભ્યોને શપથ લેવડાવશે એટલું જ નહિ નવા અધ્યક્ષની નિમણુંક અને ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કરશે.
- આ વિધાનસભા એક સાથે બે પિતા-પુત્રની જોડી ગૃહમાં જોવા મળશે. શ્રી શંકરસિંહ વાઘેલા અને મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયા - જયેશ રાદડિયા.
- સાંસદમાંથી ધારાસભ્ય પદે સ્થાન શોભાવનાર શ્રી વિઠ્ઠલ રાદડિયા આ વિધાનસભાના પ્રથમ સભ્ય બનશે. અગાઉ રાજ્યસભામાંથી રાજીનામુ આપી શ્રીમતિ આનંદીબેન પટેલ વિધાનસભામાં પ્રવેશ્યા હતા.
- આ વિધાનસભાની રચના થતાં જ એક મહિલા સભ્યનું અવસાન થતાં બેઠક ખાલી પડી હતી. જ્યારે બીજી બેઠક સાંસદ સોમાભાઈ પટેલે રાજીનામુ આપતાં ખાલી પડી છે.
- આ વિધાનસભામાં પાંચ રાજકીય પક્ષો અને એક અપક્ષ સભ્ય પ્રતિનિધિત્વ કરશે. સૌથી મોટો પક્ષ ભાજપ છે જેની સંખ્યા ૧૧૫, કોંગ્રેસ ૫૯, એન.સી.પી. ૦૨, ગુજરાત પરિવર્તન પાર્ટી-૦૨, જનતાદળ(યુ) ૦૧ અને અપક્ષ-૦૧ સભ્ય છે.
- બાર વર્ષ બાદ પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ અને પંદર વર્ષે શ્રી શંકરસિંહ વાઘેલા ગૃહમાં પ્રવેશ કરી રહ્યા છે.
- આ વિધાનસભામાં ૬૯ ધારાસભ્યો પ્રથમવાર વિજયી બની ગૃહમાં પ્રવેશ કરી રહ્યા છે.
- આ વિધાનસભામાં ૧૫ મહિલાઓ ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરશે. વિપક્ષમાં ૩ મહિલાઓ અને ૧૨ મહિલાઓ સત્તાધારી પક્ષમાં છે.
- બે પૂર્વ મુખ્યમંત્રીઓ એક સાથે વિપક્ષની ભૂમિકામાં જોવા મળશે. એટલુ જ નહિ એક જ ગૃહમાં વર્તમાન મુખ્યમંત્રી અને બે પૂર્વ મુખ્યમંત્રી એક સમયે એક જ પક્ષના સાથીઓ તરીકે રહ્યા હતા.

## વિધાનસભા વિપક્ષના નેતાપદે શંકરસિંહનું નામ લગભગ નિશ્ચિત

### આજે સવારે ૧૦.૩૦ કલાકે શીલા દિક્ષિત અને મોહનપ્રકાશની હાજરીમાં સીએલપીની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતાપદે શંકરસિંહ વાઘેલાને આખરે સમજાવી લેવાયા હોવાનું જાણવા મળ્યું છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષ (સીએલપી)ની બેઠક આવતીકાલ તા. ૨૨મીને મંગળવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિધાનસભા સમિત ખંડમાં મળશે. જેમાં કોંગ્રેસના નિરીક્ષકો દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષિત અને પ્રદેશના પ્રભારી મોહનપ્રકાશની હાજરીમાં વિપક્ષના નેતાનું નામ વિધિવત રીતે જાહેર કરાશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પરાજય મળ્યા બાદ કોંગ્રેસમાં હજુ પણ હતાશા પ્રવર્તી રહી છે. જેમાં વિધાનસભા વિપક્ષના નેતાનું મહત્વનું પદ કોને સોંપાયું છે તે અંગે ઘણા દિવસોથી મંથન ચાલી રહ્યું છે. એક તબક્કે શંકરસિંહ વાઘેલાને વિપક્ષનું પદ સોંપવા માટેનું નક્કી થતાં બાપુએ અનિચ્છા વ્યક્ત કરી હતી. પણ વિધાનસભામાં નરેન્દ્ર મોદી સરકારનો સામનો કરી શકે એવો કોંગ્રેસ પાસે ચૂંટાયેલો કોઈ નેતા નથી.

આથી શંકરસિંહનો સમજાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. બીજુ કે વિધાનસભા વિપક્ષના નેતાપદે કોંગ્રેસના ધારાસભ્યો વિઠ્ઠલ રાદડિયા, રાઘવજી પટેલ અને મોહનસિંહ રાઠવાના નામો પણ ચર્ચામાં હતા. પણ કોઈ એકને વિપક્ષનું પદ આપવામાં આવે તો અંદરોઅંદર મતભેદો ઉભા થવાની શકયતા હતી એટલે શંકરસિંહ વાઘેલાને વિપક્ષના નેતાનું પદ આપવા હાઈકમાન્ડ દ્વારા જ સમજાવવામાં



આવી રહ્યા હતા. આખરે હાઈકમાન્ડનો આદેશ શિરોમાન્ય ગણીને શંકરસિંહ વાઘેલા માની ગયા હોવાનું કહેવાય છે. જો કે કોંગ્રેસ દ્વારા હજુ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. વિપક્ષના નેતા કોને બનાવાશે તે તો આવતીકાલે ૧૦.૩૦ વાગ્યે જ ખબર પડશે.

કોંગ્રેસના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાત વિધાનસભાના સમિતિ ખંડમાં આવતીકાલ તા. ૨૨મીને મંગળવારે સવારે ૧૦.૩૦ કલાકે કોંગ્રેસના ધારાસભ્યોની બેઠક મળશે. આ બેઠકમાં કોંગ્રેસના નિરીક્ષકો શીલા દિક્ષીત અને મોહનપ્રકાશ તેમજ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા વિપક્ષના પૂર્વ નેતા શક્તિસિંહ ગોહિલ અને સિદ્ધાર્થભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેશે.

બેઠકના પ્રારંભે તમામ ધારાસભ્યોને આવકાર અપાશે. ત્યાર બાદ જયપુરની ચિંતન બેઠકનો ચિતાર અપાશે. એઆઈસીસીના ઉપાધ્યક્ષ તરીકે રાહુલ ગાંધીની આવકારતો ઠરાવ પણ કરાશે. આ વિધિપૂર્ણ થયા બાદ વિપક્ષના નેતાનો પ્રસ્તાવ રજુ થશે. અને સર્વસંમતિથી વિપક્ષના નેતાપદના નામની જાહેરાત કરાશે.

## ૫૦ ધારાસભ્યોએ મકાન ખાલી ન કરતા સત્તાવાળાઓએ નોટીસ ફટકારી

### ૩ રાજ્યમંત્રીઓ હજુ સદસ્ય નિવાસમાં જ રહે છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સદસ્ય નિવાસમાં ૫૦ જેટલા પૂર્વ ધારાસભ્યોએ તેમના નિવાસસ્થાન ખાલી ન કરતાં તેમને નોટીસ આપવાની ફરજ સત્તાવાળાઓને પડી છે. તો મંત્રીશ્રીઓના નિવાસસ્થાને મકાનોના રિપેરીંગ અને અન્ય કારણોસર ત્રણ મંત્રીઓ હાલ સદસ્ય નિવાસમાં રોકાણ કરી રહ્યા છે.

ગાંધીનગર સેક્ટર-૨૧માં આવેલ સદસ્ય નિવાસમાં ૫૦ જેટલા ધારાસભ્યોએ તેમને ફાળવવામાં આવેલા મકાનો ખાલી ના કરતાં સત્તાવાળાઓને નોટીસ આપવાની ફરજ પડી છે.

૧૩મી વિધાનસભાની રચના થવાથી નવા સદસ્યો માટે આવાસની ફાળવણી કરાતાં આ મામલો સામે આવ્યો છે.

૧૨મી વિધાનસભાના ૫૦ સભ્યો દ્વારા મકાન ખાલી કરાયા નથી તો બીજી તરફ વિધાનસભાના ચૂંટાયેલા ૧૮૨ સભ્યો પૈકી ૧૭ સભ્યો મંત્રીમંડળમાં સમાવાતાં ૧૬૫ સભ્યો માટે આવાસ ફાળવવાના થાય. આ પૈકી હાલ ૧૬૦ મકાનો જ ઉપલબ્ધ છે. બે બેઠકો ખાલી છે જ્યારે ત્રણ સભ્યોને હાલ મકાન ફાળવવામાં નહિ આવ્યાનું જાણવા મળેલ છે.

બીજી તરફ રાજ્ય મંત્રીમંડળમાં સ્થાન પામેલ રાજ્ય ગૃહ મંત્રી શ્રી રજનીભાઈ પટેલ, રાજ્યમંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ અને રાજ્યમંત્રી શ્રી નાનુભાઈ વાનાણી મંત્રીશ્રીઓના નિવાસસ્થાનમાં હજુ રહેવા ગયા નથી. તેમના બંગલાઓમાં મરામતની તેમજ આનુસંગિક કામગીરી ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે. તો એક એવી પણ વાત ચર્ચામાં છે કે નવા ગૃહ પ્રવેશ માટેનું સારૂ મુહૂર્ત ન હોવાથી તેઓ હાલ સદસ્ય નિવાસમાં જ તેમનું નિવાસ સ્થાન ચાલુ રાખી કામગીરી કરે છે.


ટચુકડી જાહેર ખબર
દર ગુરૂવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧



